Date = 27-09-2025
Gujarat Samachar
Page No - 2

## જૂના કોબા અને કોબા ગામ મેટ્રો સ્ટેશનો ૨૮ સપ્ટેમ્બરથી કાયરત થશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો કોરિડોરમાં વધુ બે નવા મેટ્રો સ્ટેશનો કાર્યરત થવા જઈ રહ્યા છે. આગામી ૨૮ સપ્ટેમ્બરથી જૂના કોબા અને કોબા ગામ મેટ્રો સ્ટેશનો મુસાફરો માટે ખુલ્લા મૂકવામાં આવશે. આ નિર્ણયથી આસપાસના વિસ્તારોમાં રહેતા નાગરિકોને મેટ્રોની સુવિધાનો લાભ મળશે. કોબા ગામથી ગિફ્ટ સિટી માટે પ્રથમ ટ્રેન સવારે ૭:૪૦, સચિવાલયની પ્રથમ ટ્રેન સવારે ૮:૩૨, એપીએમસી માટે પ્રથમ ટ્રેન સવારે ૮:૦૪ના ઉપડશે. આ જ રીતે છેલ્લી ટ્રેનનો સમય ગિફ્ટ સિટીથી સાંજે ૬:૧૦, સચિવાલયથી સાંજે ૭:૪૫ અને એપીએમસી સ્ટેશન માટે રાત્રે ૮:૦૭નો છે. જૂના કોબાથી ગિફ્ટ સિટીની પ્રથમ ટ્રેન સવારે ૭:૩૮, એપીએમસી સ્ટેશન માટે સવારે ૮:૦૬ અને સચિવલાય માટે સવારે ૮:૨૯ છે.